GE 10 – Deshalpar Guntli -Resolutions -Satpanthis not allowed /

દેશલપર (ગુંતલી) -ઠરાવો -સતપંથીઓ સભ્ય નહિ બની શકે

GE 10 -Deshalpur (G) KPS Resolution
26-Oct-2010
——————————————————————
From: Gautam Patel; coolguy_kop@yahoo.co.in
Date: Tue, Oct 26, 2010 at 7:26 PM
Subject: Fw: Deshalpur (G) KPS Resolution
To: realpatidar@googlegroups.com

Resolution from Desalpar Guntali Kadwa Patidar Samaj
—
~~Attachment: http://issuu.com/patidar/docs/ge_10_-deshalpur_guntli_resolution-de/1?mode=a_p~~

Download / Print / View full article, with attachments (if any):
~~http://www.box.net/shared/hqcyq6tzb3~~

https://archive.org/details/rpge010

GE 10 -Deshalpar (Guntli) -Resolutions -Satpanthis not allowed
જી.ઈ.૧૦ - દેશલપર (ગુંતલી) - ઠરાવો - સતપંથીઓ સભ્ય નહિ રહી શકે

શ્રી દેશલપર (ગુંતલી) કડવા પાટીદાર સમાજ

મુ.પો. દેશલપર (ગું) તા. નખત્રાણા જી. ભૂજ (કચ્છ) ૩૭૦ ૬૦૫

શ્રી દેશલપર (ગું) કડવા પાટીદાર સમાજ પુર્વાપારથી સનાતન વિચારસરણીવાળી અને સનાતન હિંદુ ધર્મને માનનારી અને અનુસરનારી સમાજ છે. અત્યારે જયારે આપણે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના પાટોત્સવની હિરક મહોત્સવ પ્રસંગે ઉજમણી કરવા જઈ રહયા છીએ ત્યારે સમાજના ઘણા બધા સભ્યો રાહ ભૂલી, સનાતન ધર્મથી ભટકી ગયાનુ જણાતા, તેઓને મુળ સનાતન પ્રવાહમાં લાવવા તેમજ કેન્દ્રીય સમાજના આદેશને અનુલક્ષીને, તે મુજબનો ઠરાવ પસાર કરવો અનિવાર્ય જણાતા, ગઈ કાલે તા. ૨૩-૧૦-૨૦૧૦ ના કારોબારી મંડળની સભામા સર્વ સંમતીથી એકમતે પસાર કરેલ ઠરાવ, ઔરંગાબાદ મુકામે આમ સભા સમક્ષ મંજુરી માટે રજુ કરતા, સમાજની તા. ૨૪-૧૦-૨૦૧૦ ની સામાન્ય સભાએ ઠરાવને સર્વ સંમતીથી બહાલી આપી એકમતે પસાર કરી તે મુજબનુ આચરણ કરવાની બાંહેધરી આપેલ.

ઠરાવ :-

શ્રી દેશલપર (ગું) કડવા પાટીદાર સમાજ સનાતન વિચારસરણી ધરાવતા અને સનાતન હિંદુ ધર્મ અંગીકારેલ સભ્યોની સમાજ છે. કેન્દ્રીય સમાજના બંધારણ અને રિત રિવાજોની સાથે સાથે તેઓના આદેશોનુ પરિપુર્ણત: પાલન કરે છે. આજ રવિવાર તા. ૨૪-૧૦-૨૦૧૦ થી સતપંથ ધર્મને માનનાર કે આસ્થા ધરાવનાર વ્યકતી અથવા પરિવાર સાથેના પારિવારીક તથા સામાજીક વહેવાર સદંતર બંદ કરવામા આવે છે. ભવિષ્યમાં તેઓની સાથે વહેવાર રાખનાર વ્યકતી અથવા પરિવારને પણ સતપંથી ગણવામા આવશે અને તે મુજબની કાર્યવાહી સમાજ વ્દારા કરવામા આવશે. સનાતન હિંદુ ધર્મથી વિમુખ થયેલ સભ્યોને પાછા મુળ સનાતન પ્રવાહમાં સામેલ થવા તા. ૩૧-૦૩-૨૦૧૧ સુદીની સમય મર્યાદા આપવામા આવે છે.